ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૧.૨ ડીગ્રી
લઘુતમ : ૨૬.૨ ડીગ્રી
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૨૦ ટકા

# સિવિલના કર્મચારીઓના સગાઓને ડાયરેક્ટ સારવાર માટે "નો એન્ટ્રી"

**સગાઓને પણ લાઈનમાં બેસીને જ સારવાર લેવી પડશે : લાઈન બ્રેક કરી સારવાર અપાવનાર કર્મચારી સામે તંત્ર દ્વારા શિક્ષાત્મક પગલા લેવાશે**

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર સિવિલમાં ફરજ બજાવતા ખાનગી એજન્સી, રોગી કલ્યાણ સમિતિ, સિક્યુરીટી, જીએમઈઆરએસ સોસાયટીના અધિકારી-કર્મચારી સહિત કાયમી તેમજ હંગામી કોઈ પણ કર્મચારી સિવિલના કોઈપણ વિભાગમાં પોતાના સગા કે સ્નેહીજનોને સીધેસીધા સારવાર માટે લઈ જઈ શકશે નહી. સારવાર માટે આવતા દર્દીઓની વ્યવસ્થાને ધ્યાને લઈ સિવિલ તંત્ર દ્વારા સગાઓ માટે "નો એન્ટ્રી"કરી દેવામાં આવી છે. કોઈપણ કર્મચારી લાઈન બ્રેક કરી સગાઓને સારવાર માટે લઈ જશે તો તંત્ર દ્વારા તેના સામે શિક્ષાત્મક પગલા લેવામાં આવશે તેવો પરિપત્ર તંત્ર દ્વારા બહાર પાડવામાં આવ્યો છે અને તેમામ વિભાગોને તેની જાણ પણ કરી દેવામાં આવી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. ઓપીડી બિલ્ડીંગ અને તાત્કાલીક સારવાર વિભાગ ચોવીસ કલાક ધમધમતો રહે છે. પાટનગરમાં મેડીકલ કોલેજ નિર્માણ થયા બાદ આસપાસના જિલ્લાના દર્દીઓ પણ સારવાર માટે મોટીસંખ્યામાં આવે છે. ત્યારે ઓપીડી, દવાબારી, લેબોરેટરી, સોનોગ્રાફી, એકસ-રે માં દર્દીઓની લાંબી લાઈન લાગી હોય છે. જેથી સ્ટાફના કર્મચારીઓ કે લાગવગ ધરાવીને સીધેસીધા પોતાના સગા-સ્નેહીજનોની સારવાર માટે પહોંચી જાય છે. જેથી દર્દથી કણસી રહેલા દર્દીઓને લાંબો સમય લાઈનમાં બેસીને રાહ જોવી પડે છે. કેટલીક વાર દર્દીઓ દવા વિના પરત ફરતા હતા. સિવિલ તંત્રને આવી અનેક ફરીયાદો મળતા આખરે તંત્રએ પરિપત્ર બહાર પાડી હોસ્પિટલના કોઈપણ ખાનગી કે કાયમી કર્મચારી ડાયરેકટ સારવાર માટે લઈ જઈ શકશે નહી. તંત્ર દ્વારા સીધેસીધા સારવાર માટે જતા સ્નેહીજનો માટે "નો એન્ટ્રી" કરી દેવામાં આવી છે. દરેક દર્દીનું હિત પહેલા જળવાય તે દરેક કર્મચારી-અધિકારીની ફરજ છે. આ અંગે કોઈ ફરીયાદ મળશે તો કર્મચારી સામે શિક્ષાત્મક પગલા સિવિલ તંત્ર દ્વારા લેવામાં આવશે.

## દેલવાડા ખાતે સાપલા પગપાળા સંઘના રજતજયંતિ મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લાના દેલવાડા ગામે તા. ૪ અને ૫ મે દરમિયાન શ્રી સાપલા પગપાળા સંઘના રજતજયંતિ મહોત્સવનું આયોજન કરાયું છે. આ સાથે દેલવાડાના કાન્તાબેન તથા અમૃતલાલ શંકરદાસ પટેલ અને સીતાબેન તથા મંગળભાઈ શંકરદાસ પટેલનું જીવન અમૃત પર્વ ઉજવાશે. આ પ્રસંગે સંતવાણી-ડાયરો જેવા ધાર્મિક કાર્યક્રમો ઉપરાંત બ્લડ ડોનેશન કેમ્પ અને આઈચેક અપ કેમ્પ જેવા સેવાકાર્યોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

દેલવાડા ગામના રામજીમંદિર ખાતે આયોજિત કાર્યક્રમમાં તા. ૪ થી મે શનિવારે યોજાનાર 'જીવન અમૃત પર્વ' પ્રસંગે સાપલાની લાલજી મહારાજની ગાદીના મહંત દુર્ગાદાસજી મહારાજ ઉપસ્થિત રહેશે અને રાત્રે ૯ કલાકે તેમના સહિત સાધુસંતો દ્વારા સંતવાણી કાર્યક્રમ યોજાશે. આ સાથે જયેશ પ્રજાપતિ, શિતલ બારોટ, ભાવેશ મિસ્ત્રી તથા સાથી કલાકારો દ્વારા લોકડાયરાની રંગત જમાવાશે. તા. ૫મી મે રવિવારે સવારે ૮ કલાકે મહારાજ આર્શીવચન પાઠવશે આ ઉપરાંત ગાંધીનગરના જાયન્ટ્સ ગ્રુપ દ્વારા રકતદાન કેમ્પ અને આંખની તપાસ તથા ચશ્મા વિતરણનો કેમ્પ દેલવાડા પ્રાથમિક શાળા ખાતે યોજવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે શનિવારે સાંજે ૬.૩૦ કલાકે અને રવિવારે બપોરે ૧૧ કલાકે રામજી મંદિર ખાતે ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે.

## સે-૭ શ્યામજી વર્મા પાર્કના પાર્કીંગમાંથી એકસેસ ચોરાયું

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરમાં વાહન ચોરીના કિસ્સા રોજ બરોજ વધી રહ્યા છે. વાહનચોર બેફામ બની ગયા હોય તેમ લાગી રહ્યું છે. શહેરના ભરચક વિસ્તાર વાહનચોરી માટે સોફ્ટ ટાર્ગેટ બની રહ્યા છે. વાહનચોરોને પકડવા માટે પોલીસની ટીમ સતત કાર્યરત છે. ચોર ટોળકીને પકડવા માટે પોલીસ રાત દિવસ એક કરી રહી છે.ત્યારે શહેરના સેકટર-૭ બી ખાતે આવેલ સરકારી આવાસ શ્યામજી કૃષ્ણવર્મા પાર્કના પાર્કીંગમાંથી ધોળા દિવસે એકસેસની ઉઠાંતરી થવા પામી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૭ બી શ્યામજી કૃષ્ણવર્મા પાર્કના બ્લોક નં. ૧૧-૧૦૨ ખાતે રહેતા હેમંતભાઈ રમણભાઈ પટેલ ગાંધીનગર મધ્યસ્થ પ્રેસ ખાતે ફરજ બજાવે છે. હેમંતભાઈ ગત તા. ૧ મે ના રોજ સાડા અગીયાર વાગ્યાના અરસામાં તેમના ઘરે જમવા માટે આવ્યા હતા. તે દરમિયાન તેમનું કાળા કલરનું જી.જે.૧૮.એ.એસ.-૦૭૨૫ એકસેસ ટુ-વ્હીલર નીચે પાર્કીંગમાં પાર્ક કર્યુ હતું. તેઓ જમીને અન્ય વાહન લઈને ઓફીસે ગયા હતા અને સાંજે પરત ફરતા પાર્કીંગમાં જોયુ તો એકસેસ પાર્કીંગમાંથી કોઈ ઉઠાંતરી કરી ગયું હતું. એકસેસના માલિકે આસપાસમાં પોતાની રીતે શોધખોળ કર્યા બાદ સેકટર-૭ પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## સે-૬ ખાતે નિર્માણાધિન આવાસોમાં કામ કરતા શ્રમિકો માટે લોકજાગૃતિ અવેરનેસ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૩

પહેલી મે વિશ્વ મજૂર દિનની ઉજવણીના ભાગરુપે ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગર દ્વારા શહેરમાં સેકટર-૬ ખાતે નિર્માણાધિન આવાસોમાં કામ કરતા અસંગઠિત કામદારોને તેમના હક્કો અને કલ્યાણકારી યોજનાઓથી વાકેફ કરવા અને જાગૃતિ આણવા એક કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં લીગલ વૉલન્ટીયર જયરામભાઈ સોની અને બીપીનભાઈ સોનીએ અસંગઠિત કામદારોના સોશિયલ સિકયુરિટી એકટ-૦૮ હેઠળ નિર્માણ કાર્યોના ખર્ચમાંથી સેશ તરીકે વસુલાયેલ ૨૨૦૦ કરોડ જેવી માતબર રકમમાંથી શ્રમિકોના કલ્યાણ હેઠળ તદ્દન નજીવી રકમ ખર્ચાઈ હોઈ તમામ શ્રમિકોની નોંધણી કરવી, શ્રમિક ઓળખપત્ર મેળવવા, જનધન ખાતુ, મા અમૃતમ કાર્ડ મેળવવા જરુરી માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યુંહતુ. આ શિબિરમાં આવાસના ઈજારદાર તરફ સંપૂર્ણ સાથ સહકાર મળતા અંતમાં સૌનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

## સે-૬ ખાતે ચાઈલ્ડ લેબર ડે અંતર્ગત શ્રમજીવી પરિવારોને બાળ મજૂરી અંગે માહિતીગાર કરાયા

સમગ્ર ભારત દેશમાં દર વર્ષની ૩૦મી એપ્રિલ એન્ટી ચાઈલ્ડ લેબર ડે એટલે બાળમજૂરી વિરોધી દિન તરીકે ઉજવવામાં આવે છે. તેની ઉજવણીના ભાગરૂપે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગરના ઉપક્રમે ગાંધીનગરના મોટા શ્રમિક વિસ્તાર સે-૬માં નિવાસી શ્રમિક પરિવારો સમક્ષ લોકજાગૃતિ રૂપે એક કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પેરાલીગલ વોલન્ટીયર સુધીર દેસાઈ દ્વારા બાળકોને ૧૪ વર્ષ નીચેની વયના બાળકોને કોઈ પણ જોખમી મજૂરી-કામગીરી કે



તેમના સ્વાસ્થ્યને નુકસાન કરે, વિકાસમાં અવરોધરૂપ બને તેઓના જીવનને જોખમમાં મૂકે તેવી કામગીરી ન કરવા દેવા અનુરોધ કર્યો હતો. બાળકોને જરુરી શિક્ષણ પ્રાપ્તિ, તંદુરસ્તી અંગેના પગલાં, વિકાસ માટે પૂરતાં પગલાં અને પ્રયાસો કરવા વગેરે સામાજિક રીતે બને કાયદાકીયપણે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. આ શિબિરમાં મુખ્ય મહેમાનપદે આ વિસ્તારના સામાજિક કાર્યકર અને પ્રમુખ બાબરજીભાઈ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વિસ્તારમાં રહેતા જાગૃત નાગરિકો સહિત પેરા લીગલ વોલન્ટીયર સર્વ મધસુદન જોષી, મનસુખ કોટેચા, જિગિષાબેન ઉપાધ્યાય તથા વિમલાબેન અયાચી, ભરતભાઈ પ્રજાપતિ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## CBSE : વિદ્યાર્થીઓ આજથી માર્ક વેરીફિકેશન અરજી કરશે

સીબીએસઈએ ધો-૧૨ના માર્કર્સ વેરિફિકેશન અને રિવેલ્યુએશન(પુનઃમૂલ્યાંકન) માટેનાંશેડ્યૂલની જાહેરાત કરી દીધી છે. ગઈકાલે ધો. ૧૨નાં પરિણામો જાહેર કર્યા બાદ સીબીએસઈના વાર્ષિક કાઉન્સિલિંગના ટાઈમટેબલની પણ જાહેરાત કરવામાં આવી છે. કાઉન્સેલિંગ તા.૧૬ મે સુધી ચાલુ રહેશે. વિદ્યાર્થીઓ દ્વારા વેરિફિકેશન માટે તા.૪થી મેથી અરજી કરી શકાશે. અરજી કરવા માટેની છેલ્લી તારીખ તા.૮ મે સાંજે ૫.૦૦ વાગ્યા સુધીની રહેશે. દરમ્યાન સીબીએસઈ બોર્ડનું ધો. ૧૦નું પરિણામ હવે ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. બોર્ડ કોઈ પણ સમયે ધો. ૧૦નું પરિણામ જારી કરી શકે છે. જોકે સીબીએસઈ તરફથી હજુ કોઈ સત્તાવાર તારીખ જાહેર કરવામાં આવી નથી, પરંતુ મીડિયા રિપોર્ટ અનુસાર સંભવત તા.૫ મેના રોજ સીબીએસઈના ધો. ૧૦નુંપરિણામ જાહેર થઈ શકે છે.

જો વિદ્યાર્થીઓને એવી શંકા હોય કે તેમના માર્કસ ઉમેરવામાં કે જોડવામાં કોઈ ભૂલ થઈ છે તો તેઓ પુનઃમૂલ્યાંકનો કરાવી શકે છે, જ્યારે ચકાસણીનો અર્થ એ છે કે તમે લખેલા જવાબો માટે યોગ્ય માર્કસ આપવામાં આવ્યા છે કે કેમ? જો વિદ્યાર્થી કોઈ કોપીનું પુનઃમૂલ્યાંકન કરાવવા ઈચ્છતા હોય તો પહેલા તમારે માર્કસનું વેરિફિકેશન કરાવવું પડશે અને વેરિફિકેશન બાદ રિવેલ્યુએશન થશે. જેથી તેનો લાભ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓ અને વાલીઓએ આ સમયમર્યાદામાં અરજી સીબીએસઈ બોર્ડ સત્તાવાળાઓને કરી દેવાની રહેશે.

## સિસિકા મહિલા પાંખ દ્વારા ચંપલ વિતરણ કરાયું



ગાંધીનગર, તા.૩

ઉનાળાની કાળઝાળ ગરમીથી રક્ષણ મેળવવા અર્થે સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ મહિલા પાંખની બહેનો દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જરૂરિયાતમંદ મહિલાઓ તથા બાળકોને ચંપલ વિતરણ કરાયું હતું.

ઉલ્લેખનીય છે કે સિસિકા મહિલા પાંખની બહેનો દ્વારા શહેરની સિવિલ હોસ્પિટલમાં દર ગુરુવારે પ્રસુતા વોર્ડમાં શીરો, નવજાત શીશુને ઝભલા ટોપીનો સેટ તથા બાળકોના વોર્ડમાં ચીકીનું વિતરણ કરવામાં આવે છે. આ દરેક સવા કાર્યોમાં મહિલા કન્વીનર આશાબેન દોશી, સહ કન્વીનર દામિનીબેન લાખિયા, મીનાબેન શાહ, સરોજબેન દેસાઈ, ઈન્દુમતીબેન અમરાવતકર, શર્મિષ્ઠાબેન દવે, ભાનુબેન ઠકકર અને પ્રતિભાબેન દવે વિશેષ જહેમત ઉઠાવી રહ્યા છે.

## ખોરજ કેનાલમાંથી યુવક-યુવતિનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નજીક આવેલી ખોરજ નર્મદા કેનાલમાંથી આજે બપોરના સુમારે એક યુવતિ અને યુવકનો મૃતદેહ તરતો નજરે પડ્યો હતો. મૃતદેહને જોતા તાત્કાલીક પોલીસ અને ફાયર બ્રિગેડને જાણ કરતા ફાયર ટીમના જવાનોએ આવી પહોંચીને બંન્ને મૃતદેહ બહાર નીકાળતા બંન્ને દુપટ્ટા સાથે બંધાયેલા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં તેઓ વેજલપુરના ભીલવાસના છાપરામાં સામસામે રહેતા યુવક-પરિણિતા હોવાનું સામે આવ્યું છે. બે બાળકોની માતાએ ૧૩ વર્ષ નાના યુવક સાથેના પ્રેમ સંબંધને પગલે આ પગલુ ભર્યું હોવાનું જાણવા મળ્યું છે.

અડાલજ પોલીસ પાસેથી મળતી વિગત મુજબ વેજલપુરના ભીલવાસ દંતાણી વાસના છાપરામાં રહેતા હાર્દિક રણજીત દંતાણી (ઉં.વ.૧૯) અને તેના સમે રહેતી પરિણિતા માયા વિક્કી દંતાણી (ઉં.વ.૩૨) વચ્ચે પ્રેમ સંબંધ હતો. જેને પગલે તેઓ ગુરુવારના રોજ બપોરના સુમારેથી ઘરેથી ગાયબ હતા. બંન્નેના પરિવારજનોએ શોધખોળ હાથ ધર્યા બાદ આનંદનગર પોલીસ મથકે જાણવા જોગ ફરીયાદ આપી હતી.ત્યારે પોલીસ અને પરિવારજનોની શોધખોળને પગલે બંન્નેના મૃતદેહ ખોરજ કેનાલમાંથી મળી આવ્યા હતા. ફાયરના જવાનોએ મૃતદેહ બહાર નીકાળીને પોલીસને જાણ કરતા અડાલજ પોલીસ મથકના એએસઆઈ જીતેન્દ્રસિંહે બંન્ને મૃતદેહ પીએમઅર્થે મોકલી આપી જરુરી કાર્યવાહી હાથ ધરી હતી.ઉલ્લેખનીય છે કે મૃતક યુવકના તાજેતરમાં જ લગ્ન થયા હતા. જયારે ૩૨ વર્ષિય પરિણિતાએ આપઘાત કરી લેતા તેના બે બાળકો એ માતાની છાયા ગુમાવી છે.

## વનશ્રી ટ્રસ્ટ દ્વારા ચકલીઘર-પાણીના કુંડાનું વિતરણ કરાયું




ઉનાળાની કાળઝાળ ગરમીમાં અબોલ પક્ષીઓને પીવાના પાણીની વ્યવસ્થા મળી રહે તથા સલામત રીતે માળો કરી શકે તે હેતુથી શહેરની વનશ્રી ટ્રસ્ટ સંસ્થા દ્વારા સેકરટ-૭ના શોપીંગ સેન્ટરે ચકલીના માળા અને માટીના કુંડાની પક્ષી પરબોનું વિના મૂલ્યે વિતરણ કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે વનશ્રી ટ્રસ્ટ દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન શાળા કોલેજોમાં ઈકો કલબ ચલાવવા ઉપરાંત વૃક્ષારોપણ, શાળા પ્રવેશ દરમિયાન નોટબુક-ચોપડાનું વિતરણ, વિવિધ પર્યાવરણીય દિવસોની ઉજવણી, જરૂરિયાતમંદોને દિવાળીમાં જુના કપડા, મિઠાઈ, શિયાળામાં ગરમ ધાબળા, સિવિલ હોસ્પિટલના દર્દીઓને ફળો-બિસ્કિટ વગેરેનું વિતરણ જેવા કાર્યો છેલ્લા ૧૮ વર્ષથી કરવામાં આવે છે. સે-૭માં યોજવામાં આવેલા ચકલીઘર અને પાણીના કુંડાના વિતરણ કાર્યનું આયોજન ઉત્કર્ષ પટેલ, ભૂમિકા પટેલ, ઉજજવલ શ્રોફ અને મહાવીર નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું.

## પેથાપુર ચોકડી પાસેથી ૧૫ નંગ બિયરના ટીન સાથે શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેર નજીક પેથાપુર ચોકડી પાસે પેથાપુર પોલીસ વાહન ચેંકીગ દરમિયાન બાઈક લઈને આવેલા યુવાનની પણ ચકાસણી કરતા તેના બેગમાંથી બિયરના ૧૫-નંગ બિયરના ટીન મળી આવ્યા હતા. આ શખ્સને પકડી પાડી બિયર-દારુ મંગાવનાર અને આપનાર મળી માણસા તાલુકાના બિલોદરાના ત્રણ શખ્સો સામે પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના સ્ટાફના જવાનો પેથાપુર ચોકડી પાસે ગુરુવારના રોજ રાત્રીના ૯ વાગ્યાના અરસામાં વાહન ચેકીંગ કરી રહ્યા હતા.ત્યારે મહુડી તરફથી નંબર પ્લટે વગરના બાઈક પર એક શખ્સ આવ્યો હતો. ત્યારે તેને પણ ઉભો રાખીને બેગની ચકાસણી તેની પાસે બેગમાં રહેલા બીયરના ૧૫ ટીન મળી આવ્યા હતા. બિયર સાથે ઝડપાયેલા યુવરાજસિંહ દિલિપસિંહ ચાવડા (બિલોદરા માણસા) પાસેથી પોલીસે રૂ.૧૫૦૦ની કિંમતના બિયરના ટીન, રૂ.૧૦ હજારનું જી.જે.૧૮.સી.જી.-૪૫૮૮ નંબરનું બાઈક અને એક મોબાઈળ મળીકુલ રૂ.૧૨ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે દારુ અંગે પુછતા આરોપીએ બિલોદરાના સુરેન્દ્રસિંહ શંભુજી ચાવડાએ બિયરનો આ જથ્થો સે-૧૧ ખાતે વિરેન્દ્રસિંહ શંભુજી ચાવડાને પહોંચાડવા માટે આપ્યો હતો. પેથાપુર પોલીસે બિલોદરાના ત્રણેય શખ્સો સામે પ્રોહી એકટ મુજબનો ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

## બોર્ડની પરીક્ષાના પરિણામથી નાસીપાસ વિદ્યાર્થીઓને આત્મહત્યા કરતા બચાવશે શહેરના યુવાનો

ગાંધીનગર, તા.૩

રાજયભરમાં બોર્ડની પરીક્ષાઓના પરિણામની વાટ જોવાઈ રહી છે જે વિદ્યાર્થીઓના જીવનમાં ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. બોર્ડની પરીક્ષાઓના પરિણામના આધારે વિદ્યાર્થીઓની કારકિર્દીની દિશા નક્કી થાય છે તેથી સ્વાભાવિક રીતે વાલીઓ પણ આ બાબતે ચિંતાતુર હોય છે જો કે ઘણીવાર બોર્ડની પરિક્ષાનું પરિણામ નબળુ આવવાને લીધે વિદ્યાર્થીઓના માનસ પર નિરાશા અને હતાશા હંમેશા વધુ પડતી છવાઈ જાય છે અથવા વાલીઓની અપેક્ષાનું દબાણ વધુ હોય ત્યારે પરીણામ નબળું આવવાથી 'ડર' હાવી થઈ જાય છે તેવા સંજોગોમાં કિશોરવયના વિદ્યાર્થીઓ આત્મહત્યા જેવું આત્મઘાતી પગલું ભરતા અચકાતા નથી. આવા વિદ્યાર્થીને આત્મહત્યા કરતા અટકાવવા પોલીસ તંત્ર સાથે મળીને શહેરના યુવાનો દ્વારા નર્મદા કેનાલ પર વૉચ રાખવાની સેવા હાથ ધરવામાં આવે છે.

દર વખતે બોર્ડની પરીક્ષાઓના પરિણામ બાદ વિદ્યાર્થીઓના નર્મદા કેનાલમાં આતમહત્યાના ઈરાદે ઝંપલાવવાના કિસ્સા જોવા મળે છે. આવા નાસીપાસ અને હતાશ વિદ્યાર્થીઓને આત્મહત્યા કરતા અટકાવી તેમની જીંદગી બચાવવા સાથે તેમને પ્રોત્સાહિત કરવાના ઈરાદે શહેરના યુવાનો દ્વારા પરિણામના દિવસે ગાંધીનગર પાસેથી પસાર થતી નર્મદા કેનાલના નિારે વૉચ રાખવાની સેવા હાથ ધરવામાં આવી છે. આગામી તા. ૯મી મેના રોજ ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહનું પરિણામ જાહરે થવાની પુરેપુરી શકયતા છે તે જોતા આ યુવાનો દ્વારા અત્યારથી તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. આ સેવાકાર્યમાં શહેરના જે કોઈ યુવાનો જોડાવવા માંગતા હોય તેમણે શહેરના રાધે રાધે ગૃપના તન્મય પટેલનો મો.નં. ૯૧૫૭૬૩૭૮૭૭ અથવા રાહુલ સુખડીયાનો મો.નં. ૮૧૪૧૭૪૩૨૪૧૫૨ પર સંપર્ક સાધવા જણાવાયું છે. આ સેવાકાર્યમાં જોડાનાર સ્વયંસેવકોએ સવારથી મોડી સાંજ સુધી નર્મદા કેનાલના કિનારે ચોકી કરવાની સેવા પુરી પાડવાની રહેશે તેવું જણાવ્યું છે.

## @ગાંધીનગર

● સંત નિરંકારી મંડળ દ્વારા પ.પૂ. રાજવાસદેવજીની છત્રછાયામાં સાંજે ૬થી ૮ કલાક દરમિયાન જ/૧-૩૨/૨ની સામે, સે-૬-એ ખાતે સત્સંગ યોજાશે.

● રંજનબેન બ્રહ્મભટ્ટ દ્વારા સે-૫-સી સ્થિત ખોડિયાર મંદિર ખાતે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા નિતાબેન પટેલના નિવાસસ્થાન બી-૪૦૪, કસારીયા ફલેટ, રાંદેસણ રોડ ખાતે બપોરે ૧ થી ૪ દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● બહુચર મંડળ દ્વારા કુંદરનકુવરબાના નિવાસસ્થાને ૩૭, સીમંધર બંગલો-કુડાસણ ખાતે બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● શકિત મંડળ દ્વારા હિનાબેનના નિવાસસ્થાને પ્લોટ નં. ૧૨૮/૨, સે-૧૪ ખાતે બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

● વૈજનાથ મહિલા મંડળ દ્વારા બી-૧૦૧, પુર્ણમ રેસીડેન્સી, કુડાસણ ખાતે બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાકે આનંદનો ગરબો યોજાશે.

● રણછોડ બહુચર મંડળ દ્વારા હંસાબેનના નિવાસસ્થાને ઉર્જાનગર-૧, કુડાસણ ખાતે બપોરે ૩ કલાકે આનંદનો ગરબો યોજાશે.

● નિલકંઠ આનંદ ગરબા મંડળની મહિલાઓ દ્વારા હડમતિયા મહાદેવ મંદિર બિલીપત્ર વન સરગાસણ ખાતે બપોરે ૨ થી ૭ કલાક દરમિયાન હનુમાન ચાલીસા યોજાશે. મંડળ દ્વારા ભાવિક ભકતોને લાભ લેવા જણાવાયું છે.

## વિનામૂલ્યે પાણીના કુંડા વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૩

શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તા. ૫મે ના રોજ સવારે ૧૦થી ૭ વાગ્યા સુધી સે-૨૧ સ્થિત ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટરમાં આવેલ ફુવારા ખાતે પશુ પક્ષી માટે પાણીના કુંડાનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવશે. સંસ્થા દ્વારા પશુ-પક્ષી પ્રેમી શહેરીજનોને લાભ લેવા જણાવાયું છે. આ ઉપરાંત સંસ્થા દ્વારા આવનાર તમામ માટે વિના મૂલ્યે છાશનું વિતરણ કરવામાં આવનાર છે.

## સંસ્કાર ગ્રુપ દ્વારા બાળકો મારફતે ગુજરાત સ્થાપના દિન ઉજવાયો

સંસ્કાર ગ્રુપ દ્વારા ગુજરાતનો સ્થાપના દિન પહેલી મેના રોજ બાળકો દ્વારા વિવિધ રીતે ઉજવવામાં આવ્યો હતો. જુદી જુદી રમતો વિષે તેમને માહિતગાર કરવામાં આવ્યા હતા. બાળકોને સેકટર-૬ના મેદાનમાં ક્રિકેટ મેચ રમાડવામાં આવી હતી. રંગોળીની સજાવટ, વૃક્ષોને ફુલોના રંગોથી સજાવટ કરીને પ્રાર્થના કરવામાં આવી હતી. બાળકોને સમુહ ભોજન કરાવવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા વાલીઓએ સહકાર આપ્યો હતો.

## વિના મુલ્યે ચોપડા વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૩

ઉગમણા સત્તાવીસ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા દર વર્ષની જેમ સમાજના ગામોમાં તથા શહેરોમાં રહેતા અને અભ્યાસ કરતા ધો-૧ થી૪ના તમામ વિદ્યાર્થીઓને પાંચ નોટબુક/ચોપડા તથા ધો-૫થી ૧૦ના તમામ વિદ્યાર્થીઓને દશ નોટબુક/ચોપડા વિના મુલ્યે આપવામાં આવનાર છે. સંસ્થાના કારોબારી સભ્ય અથવા ગામના પ્રતિષ્ઠિત આગેવાન દ્વારા ભણતા વિદ્યાર્થીઓની માહિતીની ચકાસણી કરાવી સંસ્થાના મહામંત્રી કનુભાઈ બી. મહેરિયાના રહેઠાણ નં. ૧૩૦૨ શિવમ સોસાયટી, સે-૨૭ ખાતેથી મેળવી લેવા સંસ્થાના પ્રમુખ પી.જે. રાઠોડ તથા મહામંત્રી કનુભાઈ બી. મહેરિયા દ્વારા જણાવાયું છે.